બેફામ ભાડુ વસુલતા રીક્ષા ડ્રાઈવરોને મીટરની લગામ બાંધવાની જરૂર

સેક્ટર-૨૧ પોલીસ સ્ટેશનમાં લોક દરબાર યોજાયો : શહેરની ટ્રાફીકની સમસ્યા અને મહાત્મા મંદિર માટે અલાયદુ પોલીસ સ્ટેશન બનાવવા અંગે પણ ચર્ચા થઈ

ગાંધીનગર, તા. ૩૦

શહેરના સેક્ટર-૨૧ પોલીસ સ્ટેશન ખાતે ગઈ સાંજે જિલ્લા પોલીસ વડા તથા મ્યુનિ. ડે. કમિશનર, મેયર સહિત શહેરના આગેવાનોની ઉપસ્થિતિમાં લોક દરબાર યોજાયો હતો. જેમાં શહેરમાં રીક્ષા ડ્રાઈવરો દ્વારા ચલાવવામાં આવતી ઉઘાડી લુંટનો સળગતો પ્રશ્ન ઉઠ્યો હતો. રીક્ષા ડ્રાઈવરોને મીટરની લગામ લગાડવા સુચન કરવામાં આવ્યું હતું. તે ઉપરાંત ટ્રાફીકની સમસ્યા અને મહાત્મા મંદિર તથા વીઆઈપી બંદોબસ્ત માટે અલગ પોલીસ સ્ટેશનની રચના કરવા અંગે સુચન કરી ચર્ચા કરવામાં આવી હતી.

સે. ૨૧ પોલીસ સ્ટેશનમાં યોજાયેલા લોકદરબારમાં સ્વૈચ્છિક અને સામાજિક સંસ્થાઓ, કોર્પોરેટરો, મેયર, ડે. મેયર, ડે. મ્યુ. કમિશનર સહિત ૭૦ જેટલા આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. એરફોર્સના કર્મચારીઓ, આર્મી-સીઆરપીએફના જવાનો દ્વારા પોતાના ક્વોટામાં ઘર ખર્ચી નીકાળવામાં આવે છે. દારૂ-જુગારના અડ્ડાઓ હાલ બંધ છે પરંતુ આ જવાનો દ્વારા વેચવામાં આવતી છુટક બોટલો પર અંકુશ આવે તે સુચન કરવામાં આવ્યું હતું. તે ઉપરાંત સે. ૨૨ શોપીંગ પાસે લારી-ગલ્લાના દબાણો હટાવવા, પાર્કિંગ કરવા, શહેર તથા આસપાસના વિસ્તારોમાં ટ્રાફીકની સમસ્યા નિવારવા, અલાયદુ પોલીસ સ્ટેશન બનાવવા, ટીનએજર વિદ્યાર્થીઓ બેરોકટોક વાહન લઈને શાળાએ જતા અટકાવવા, ન્યુ ગાંધીનગરમાં સઘન પોલીસ પેટ્રોલીંગ કરવા સુચનો થયા હતા. તે ઉપરાંત અકસ્માતો નિવારવા માટે સર્વિસ રોડ બનાવવા માટે પણ સુચન કરવામાં આવ્યુ હતુ. શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચે રીક્ષાઓમાં મીટર મુકવા માટે રીક્ષા ડ્રાઈવરોને કડક આદેશ આપી તેનું પાલન કરાવવા સુચન કર્યુ હતુ. રીક્ષા ડ્રાઈવરો દ્વારા બેફામ ભાડા વસુલીને ઉઘાડી લુંટ ચલાવવામાં આવે છે. તે માટે રીક્ષામાં મીટર લગાડવા જરૂરી છે. જો તેમ ન થાય તો બીજો વિકલ્પ જે ભુતકાળમાં સફળ રહી ચુક્યો છે તેમ કિલોમીટર પ્રમાણે પોઈન્ટ નક્કી કરી તે મુજબ કેટલુ ભાડુ વસુલવુ તેની પત્રીકા તૈયાર કરી તે જ પ્રમાણે ફીક્સ ભાડુ વસુલવામાં આવે તેવી કાર્યવાહી કરવા સુચન કરવામાં આવ્યું છે.

કઇ શાળાનું કેટલું પરિણામ

ક્રમ	શાળાનું નામ	કેટલા બેઠા	કેટલા પાસ	શાળાનું પરિણામ
૧.	આર.સી. પટેલ હાઈસ્કુલ, સે-૨૩	૩૦૪	૨૯૧	૯૫.૭૨ ટકા
૨.	જે.એમ.ચૌધરી વિદ્યાલય, સે-૭	૧૦૨	૯૩	૯૧.૧૭ટકા
૩.	એન.કે. સોલંકી સ્કુલ ઓફ કોમર્સ, સે-૨૮	૧૮૫	૧૮૨	૯૮.૩૭ટકા
૪.	સેંટ ઝેવિયર્સ હાઈસ્કુલ, સે-૮	૫૬	૫૫	૯૯ટકા
૫.	આર.જી. પટેલ સે-૨૩	૨૭૯	૨૫૪	૯૧.૦૩ટકા
૬.	વેદ ઈન્ટરનેશનલ સરગાસણ	૩૯	૩૭	૯૪.૮૭ટકા
૭.	પ્રેરણા વિદ્યાલય સે-૫	૫૪	૪૩	૭૯.૬૨ ટકા

રેન્જ આઈજીપીની કચેરી સેક્ટર-૨૭માં ખસેડાશે

સવા ત્રણ કરોડનાં ખર્ચે તૈયાર થઈ રહેલી બે માળની કચેરીનું પઝેશન ત્રણ માસમાં સોંપી દેવાશે : ડીએસપી ઓફીસની બાજુમાં બની રહી છે નવી ઓફીસ..!

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર રેન્જ આઈજીપીની કચેરી સે-૩૦નાં સરકારી મકાનમાં હાલ કાર્યરત છે. સે-૩૦માંથી ખસેડીને રેન્જઆઈજીપી કચેરીને સે-૨૭ ડીએસપી કચેરી પાસે લઈ જવામાં આવશે. તે માટે નવું યુનિટ તૈયાર થઈ રહ્યુ છે. રૂ. ૩.૨૫ કરોડના ખર્ચે બે માળની રેન્જ આઈજીપીની કચેરી તૈયાર થઈ રહી છે. સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ ત્રણ જ માસમાં આ યુનિટ તૈયાર કરીને નવી કચેરીનું પઝેશન પણ સોંપી દેવામાં આવે તેવી શક્યતા છે. હાલનાં તબક્કે કચેરીનું કામ ફીનીશીંગના આરે છે.

ગાંધીનગર ડીએસપી કચેરીની બાજુમાં સ્થિત કોમ્પ્યુટર ટ્રેનીંગ સેન્ટર પાસે બે માળનું અદ્યતન બિલ્ડીંગ પૂર્ણતાના આરે છે. સે-૩૦ ખાતે સરકારી મકાનમાં કાર્યરત ગાંધીનગર રેન્જ આઈજીપીની કચેરી માટે આ બે માળનું અદ્યતન સુવિધાયુક્ત બિલ્ડીંગ તૈયાર કરવામાં આવી રહ્યું છે. રૂ. ૩.૨૫ કરોડના ખર્ચે આ બિલ્ડીંગને તૈયાર કરવામાં આવ્યું છે. આ કચેરીમાં રેન્જ આઈજીપીની ચેમ્બર તથા આર.આર.સેલ સહીતની વિવિધ બ્રાન્ચો બનાવવામાં આવી છે. વિશેષમાં નવા બિલ્ડીંગમાં કોન્ફરન્સ હોલ પણ બનાવવામાં આવ્યો છે જે સે-૩૦ની કચેરીમાં ન હતો. નવી ઓફીસમાં અનેક માસમાં આઈજીપી કચેરીને શિફ્ટ કરી દેવાય તેવી શક્યતાઓ પ્રબળ છે. હાલના તબક્કે નવા બિલ્ડીંગને આખરી ઓપ અપાઈ રહ્યો છે.

ઉમા સંસ્કાર તીર્થનું ગૌરવ

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર જિલ્લાના ચંદ્રાલા ખાતે આવેલ ઉમા સંસ્કાર તીર્થ જિલ્લા લેવલે દીકરીઓ માટેની એક માત્ર રેસીડેન્ટ સ્કુલ છે. જે સંસ્કાર માટેની હિમાયતી છે. ચાલુ સાલે ધો-૧૨માં શાળાનું પરિણામ ૯૭ ટકા આવેલ છે. જેમાં વંદનાબેન શાંતિલાલ હિંગળાદીયા ૯૬.૧૨ પર્સન્ટાઈલ રેન્ક મેળવી શાળાનું ગૌરવ વધારેલ છે. શાળાનું ગૌરવ વધારવા બદલ શાળા પરિવારે વિદ્યાર્થીનીને અભિનંદન પાઠવ્યા હતા.

ઝાલાવાડી સઈ-સુથાર જ્ઞાતિ ચોપડા વિતરણ કરશે

ગાંધીનગર, તા.૩૦

શ્રી ઝાલાવાડી સઈ-સુથાર જ્ઞાતિ હિતવર્ધક મંડળ ગાંધીનગર દ્વારા દર વર્ષે સમાજના વિદ્યાર્થીઓને રાહત દરે ચોપડા વિતરણ કરવામાં આવે છે આ વર્ષે પણ મંડળ ચોપડા વિતરણ કરશે. ધોરણ ૧ થી ૪ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ૧ ડઝન ચોપડા અને ધોરણ-૫ થી ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને બે ડઝન ચોપડા વિતરણ કરવામાં આવશે. ચોપડાનું વિતરણ તા. ૧ જૂથી તા. ૫ જૂન સુધી સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન સેકટર-૨૪ અને વાવોલ સ્થિત કાર્યાલયે ચોપડા વિતરણ કરવામાં આવશે. જેમાં એક ડઝન નંગ ચોપડા રૂ. ૧૩૦માં આપવામાં આવશે.

ચુંવાળ વાલમ બ્રાહ્મણનું વાર્ષિક સંમેલન યોજાશે

ગાંધીનગર, તા. ૩૦

શ્રી ચુંવાળ વાલમ બ્રાહ્મણ યુવક મંડળનું વાર્ષિક સંમેલન તા. ૩૧-૫-૨૦૧૫ને રવિવારના રોજ સવારે ૯.૦૦ કલાકે દૂધનાથ મહાદેવ હોલ, જૂના વાડજ, અમદાવાદ ખાતે યોજાશે. આ સંમેલનમાં તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કાર્યક્રમ ઉપરાંત નવા વર્ષની કારોબારી સભ્યોની નિમણૂંક ઉપરાંત વાઘેશ્વરી ધામ સંકુલ માટેની પણ ચર્ચા-વિચારણા થશે. સંમેલનમાં જ્ઞાતિજનોને ઉપસ્થિત રહેવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ગૌર વૈભવીને પણ એ-વન ગ્રેડમાં સ્થાન મળ્યું

ગાંધીનગર, તા. ૩૦

શિક્ષણ બોર્ડની ટેકનિકલ ભૂલના લીધે વિદ્યાર્થીનીનું પરિણામ અનામત રાખવામાં આવ્યું હતું.

શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ - ૨૦૧૫માં લેવાયેલ ધો.૧૨ વિ.પ્રવાહના જાહેર થયેલા પરિણામમાં ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજ, ગાંધીનગરની વિદ્યાર્થીની ગૌર વૈભવી એ. ૫૦૦માંથી ૪૫૮ ગુણ મેળવી A1 ગ્રેડ પ્રાપ્ત કરેલ છે. ૯૯.૮૭ પર્સેન્ટાઈલ તથા ગુજકેટમાં ૧૦૮.૭૫ ગુણ પ્રાપ્ત કરેલ છે.

A1 ગ્રેડના ટોપર્સની યાદીમાં ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજની વિદ્યાર્થીની ગૌર વૈભવીએ સ્થાન પ્રાપ્ત કર્યા હોવાનું પ્રકાશમાં આવ્યું છે. આ તેજસ્વી વિદ્યાર્થીની મેડીકલ ક્ષેત્રે અભ્યાસ કરીને ડૉક્ટર બની સમાજની સેવા કરવાની ઈચ્છા ધરાવે છે. ઈન્ફોસિટી પરિવાર તરફથી તેને હાર્દિક શુભેચ્છા પાઠવવામાં આવે છે.

લેઉવા પાટીદાર સમાજમાં સાયન્સમાં સૌથી વધુ ગુણ પ્રાપ્ત કરવાનું બહુમાન મેળવતો જેનીશ પટેલ

ગાંધીનગર, તા. ૩૦

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલ વિજ્ઞાન પ્રવાહ પરીક્ષામાં દશગામ લેઉવા પાટીદાર યુવામંચના યુવાન સભ્ય જેનીશ પટેલે ગ્રૂપ-બી માં ગાંધીનગર જિલ્લામાં પ્રથમ સ્થાન મેળવ્યુ છે. જેનીશ પટેલ દશગામ લેઉવા પાટીદાર સમાજમાં એકમાત્ર વિદ્યાર્થી છે. જેણે ધોરણ-૧૨ સાયન્સ પ્રવાહમાં સૌથી વધુ ગુણ ૯૬.૮૦ટકા પ્રાપ્ત કર્યા છે. સમાજના એકમાત્ર વિદ્યાર્થી તરીકે બહુમાન મેળવવા બદલ દશગામ લેઉવા પાટીદાર સમાજે અભિનંદન પાઠવ્યા છે અને આવનાર સમયમાં જેનીશ ખુબજ ઊંચાઈઓ પ્રાપ્ત કરે તેવા આશીર્વાદ આપ્યા છે.

સમસ્ત બ્રહ્મસમાજ યુવા પાંખના હોદ્દેદારોની આજે શપથવિધિ યોજાશે

ગાંધીનગર, તા. ૩૦

સમસ્ત બ્રહ્મ સમાજ ગાંધીનગર યુવા પાંખના હોદ્દેદારોની તાજેતરમાં બેઠક યોજાઈ હતી. જેમાં નવી કારોબારીની રચના કરવામાં આવી હતી. કારોબારીમાં સર્વાનુમતે જે હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી તેમના શપથવિધિ સમારોહનું તા. ૩૧ મે ના રોજ આયોજન કરવામાં આવ્યું છે. બ્રહ્મભવન સે. ૧૬ ખાતે સવારે ૯.૩૦ કલાકે યોજાનાર શપથવિધિ સમારંભમાં ગુડાના ચેરમેન આશિષભાઈ દવે તથા કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જ્હા સહિત ગાંધીનગર મહાનગરપાલિકાના બ્રહ્મસમાજના કોર્પોરેટરો સહિત ભૂતપૂર્વ સમાજના પ્રમુખ તેમજ અન્ય અગ્રણીઓની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ યોજાશે. ઉપરાંત બ્રહ્મસમાજ યુવા પાંખમાં જે નવ યુવાનો તેમજ યુવતિઓને પણ જોડાવું હોય તેમનું રજીસ્ટ્રેશન પણ બ્રહ્મભવન ખાતે કરવામાં આવશે જેથી સમાજના દરેક પરિવારોને આ શપથવિધિ સમારોહમાં ઉપસ્થિત રહેવાનું યુવા પાંખ દ્વારા જણાવાયું છે.

ચિલોડા લાંચ કેસમાં અરજદારના આગોતરા જામીન મંજુર

ગાંધીનગર, તા. ૩૦

યુ.જી.વી.સી.એલ.માં ચિલોડા સબ-ડિવીઝન-દશેલા ગામ ખાતેના વાયરમેન પવન દવે વિરૂદ્ધ લાંચ લેવાની ફરિયાદ નોંધાઈ હતી. જેમાં કેસ સંદર્ભે ગાંધીનગર એ.સી.બી. કોર્ટના સ્પેશીયલ જજે આગોતરા જામીન અરજી મંજુર કરી છે.

ઉત્તર ગુજરાત વીજ કંપની લીમીટેડમાં ચિલોડા સબ ડિવીઝનમાં દશેલા ગામ ખાતે વાયરમેન તરીકે પવન જીતેન્દ્રભાઈ દવે નોકરી કરે છે. અઠવાડીયા અગાઉ પવન દવે વિરૂદ્ધ રૂ. ૮ હજારની લાંચની માંગણી સંદર્ભે કિખાજી ઉર્ફે કિશનસિંહ વાઘેલાએ એ.સી.બી. પોલીસ મથક ગાંધીનગર ખાતે ફરિયાદ નોંધાઈ હતી. જો કે વાયરમેન લાંચના નાણાં ન લીધા હતા. આ કેસ સંદર્ભે આરોપી પવન દવેએ ગાંધીનગર એ.સી.બી. કોર્ટમાં આગોતરા જામીન અરજી કરી હતી.

આજરોજ આ કેસની સુનવણીમાં ફરિયાદી પવન જીતેન્દ્ર દવે તરફે ગાંધીનગર કોર્ટના વકીલ આશિષ પ્રેમશંકર ભટ્ટે હાજર રહી જોરદાર દલીલો કરી હતી અને દશેલા ગામ ખાતે ફરિયાદી કિશનસિંહ વાઘેલાએ તેમ ખેતીની જમીનમાં બોરનું થ્રી ફેઝ કનેક્શન આપવાનું હોવાથી આ કામના અરજદાર વાયરમેન તરીકેની યુજીવીસીએલના કર્મચારી તરીકે તેમના ફરજના ભાગરૂપે માત્ર વીજ જોડાણનું કનેક્શન જોઈન્ટ કરવા માટે સ્થળ તપાસ માટે ગયા હતા. જ્યાં ફરિયાદીએ અગમ્ય કારણોસર અરજદાર સાથે ખોટી બોલાચાલી કરી હતી. આથી આ ફરિયાદીએ અરજદાર વાયરમેન વિશે ખોટી લાંચની માંગ અંગે ફરિયાદ નોંધાવી હતી જે સંદર્ભે આજે ગાંધીનગર એસીબી કોર્ટના સ્પેશીયલ જજ અજયકુમાર રાવે અરજદારની આગોતરા જામીન અરજી મંજૂર રાખી શરતોને આધિન જામીન પર મુક્ત કરવા આદેશ કર્યો હતો. કેસની સુનવણીમાં વકીલ આશીષ ભટ્ટે દલીલો કરી હતી.

અંબાપુર ગામેથી પુનઃ જાગરણ અભિયાનનો શુભારંભ

અભિયાનમાં જિલ્લાના એકસો ગામોને સાંકળવામાં આવશે : ટેબ્લો દ્વારા સરકારી યોજનાઓની માહિતી પુરી પાડવામાં આવશે

ગાંધીનગર, તા. ૩૦

યુવાનો રાષ્ટ્ર ઘડતરમાં સિંહ ફાળો આપે અને તેમના થકી રાષ્ટ્રનો વિકાસ થાય તેવા હેતુથી નહેરુ યુવા કેન્દ્ર દ્વારા પુનઃ જાગરણ અભિયાનનો શુભારંભ કરવામાં આવ્યો હતો. પુનઃ જાગરણ અભિયાન એક મહિનો ચાલશે જિલ્લાના એકસો ગામોમાં ફરી વિવિધ કાર્યક્રમો યોજશે.

ભારત સરકારના યુવા કાર્ય અને ખેલ મંત્રાલય પ્રેરિત નહેરુ યુવા કેન્દ્ર ગાંધીનગર દ્વારા રાષ્ટ્રીય જન જાગૃતિ કાર્યક્રમના ભાગરૂપે પુનઃ જાગરણ અભિયાનનો શુભારંભ યોજવામાં આવ્યો હતો. જનજાગૃતિ અભિયાન તા. ૨૮ મે ના રોજ સાંજે ૫.૦૦ કલાકે અંબાપુર ખાતેથી શરૂ કરવામાં આવ્યુ હતુ. આ પ્રસંગે કૌશિક પટેલ, અધ્યક્ષ, ૨૦ મુદ્દા અમલીકરણ, જિ.પં. પ્રમુખ હિનાબેન પટેલ, મેયર હંસાબેન મોદી, ડે. મેયર કાર્તિકભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

પુનઃ જાગરણ અભિયાનમાં યુવકોને જોડી દેશના વિકાસમાં ભાગીદાર બનવા માટેની માહિતી પુરી પાડવામાં આવે છે. યુવાનો એ દેશનું ગૌરવ છે. તેમજ યુવાનો સરકારની કલ્યાણકારી યોજનાઓના સંદેશા વાહકો બની કાર્ય કરે તે માટે જોડવામાં આવ્યા હતા.

અભિયાનમાં વિવિધ પ્રકારના સાંસ્કૃતિક કાર્યક્રમો યોજી યુવાનોને જાણકારી આપવામાં આવી રહી છે. ટેબ્લોવાન જિલ્લાના એકસો ગામોમાં ફરી સાંસ્કૃતિ કાર્યક્રમોનું નિદર્શન કરાવશે. તેમજ વિવિધ યોજનાઓની જાણકારી આપવામાં આવે છે.

આ પ્રસંગે યુથ કો ઓર્ડિનેટર રજનીકાન્ત સુથારે કાર્યક્રમને લગતી માહિતી આપતા જણાવ્યું હતું કે નહેરુ યુવા કેન્દ્ર દ્વારા યુવાનોને શિક્ષિત અને વિવિધ પ્રકારની યોજનાઓથી વાકેફ કરવામાં આવે છે. જેના દ્વારા યુવકોમાં જાગૃતિ આવશે. યુવકોમાં નેતૃત્વનો વિકાસ થશે અને ચારિત્ર્ય નિર્માણ પામશે. પુનઃ જાગરણ અભિયાનનું સમાપન આગામી તા. ૩૦ જૂનના રોજ કરવામાં આવશે.

આ પ્રસંગે ભાનુભાઈ થાર, યુવા આગેવાન ડૉ. મયુર જોશી, જયેશભાઈ ચૌધરી, હિરેન બારોટ, કશ્યપ નિમાવત, વોલેન્ટીયર ટીમ, જિલ્લા વિકાસ અધિકારી સહિત મોટી સંખ્યામાં યુવાનો ઉપસ્થિત રહ્યા હતા.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૫
સૂર્યાસ્ત : ૭.૨૨

તાપમાન

મહત્તમ : ૪૨.૯ ડિ.સે.
લઘુત્તમ : ૨૯.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૨ ટકા ● સાંજે ૨૨ ટકા

મનોરંજન

સિનેમેક્સ

સ્ક્રીન-૧ :
બોમ્બે વેલ્વેટ : ૯.૨૦, ૧૨.૩૦, ૩.૪૦, ૬.૫૦, ૧૦.૦૦

સ્ક્રીન-૨ :
બોમ્બે વેલ્વેટ : ૧૧.૩૦, ૫.૫૦, ૧૦.૦૦
બે યાર : ૨.૪૦

સ્ક્રીન-૩ :
પીકુ : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૭.૦૦, ૧૦.૦૦

સ્ક્રીન-૪ :
ગબ્બર ઈઝ બેક : ૧૦.૪૫, ૧.૩૫, ૪.૨૫, ૧૦.૨૦
એવેન્જર્સ : એજ ઓફ અલ્ટ્રોન : ૯.૦૦

સિટીપલ્સ

સ્ક્રીન-૧ :
બોમ્બે વેલ્વેટ : ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

સ્ક્રીન-૨ :
બોમ્બે વેલ્વેટ : ૧૨.૩૦
પીકુ : ૧૦.૦૦, ૩.૧૫, ૧૦.૧૫, ૪.૪૫.

સ્ક્રીન-૩ :
મેડ મેક્સ (ઈંગ્લીશ) ૨.૪૫, ૭.૪૫
મેડ મેક્સ (હિન્દી) ૧૨.૪૫, ૫.૧૫, ૧૦.૧૫

સ્ક્રીન-૪ :
જોબકા : ૧૦.૦૦
ગબ્બર ઈસ બેક : ૭.૦૦
પીકુ : ૧૨.૪૫

સ્ક્રીન-૫ :
બોમ્બે વેલ્વેટ : ૧૦.૦૦
પીકુ : ૬.૪૫
ગબ્બર ઈસ બેક : ૧.૦૦, ૪.૦૦, ૧૦.૦૦

આપની આજ

મેષ : પદ, મકાન, વાહન સંબંધી લાભ પ્રાપ્તિનો વિશેષ યોગ. સંતાનને રોજગારના ક્ષેત્રે ઉન્નતિ પ્રાપ્ત થઈ શકશે. આવકના નવા સ્ત્રોતો ઉભા થવાની સંભાવના છે. કોઈ ચિંતાથી મુક્તિ મળશે. કૌટુંબિક સમસ્યાઓનુંનિરાકરણ આવી શકેછે. ઘરમાં મહેમાન આવશે.

વૃષભ : ધાર્મિક આયોજનોમાં ભાગ લેશો. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. ખાનપાનમાં ગડબડીથી પેટની તકલીફો ઉભી થઈ શકે છએ. શારીરિક સ્વાસ્થયનું ધ્યાન રાખવું. ઋતુ પ્રમાણે આહાર લેવો વિશેષ યાત્રાનો યોગ બની રહ્યો છે.

મિથુન : વ્યાપાર સારો ચાલશે. સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકે છે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે. સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્યો વગેરેનો યોગ બની રહ્યો છે. આર્થિક ક્ષેત્રે લંબિત પ્રકરણોમાં વિશેષ કાર્ય થઈ શકશે.

કર્ક : બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વૃદ્ધિ થશે. શત્રુઓથી હાની થવાની સંભાવના છે. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થશે. કૌટુંબિક કાર્યો માંગલિક કાર્યો, ધાર્મિક કાર્યો માટે વિશેષ યાત્રાનો યોગ. ધર્મ આધ્યાત્મ સંબંધી ચિંતનનો યોગ.

સિંહ : અટકેલા નાણાં પ્રાપ્ત થવાથી હર્ષ થશે. વ્યવસાયિક સ્થિતિ સારી રહેવાની સંભાવના છે. વિરોધભાસ અને વિવાદને કારણે પરિણામ નહીં મળે. ભાગ્યવર્ધક કાર્યોમાં અડચણ સંભવિત છે.

કન્યા : આર્થિક સ્થિતિમાં સારી તકો આવવાની શકયતા છે. સામાજિક કાર્યમાં સક્રિય ભાગીદારી રહેશે. ધર્મ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં ગહન ચિંતનનો યોગ બનેછે. વિવાદિક વ્યાપારિક કાર્યોમાં આર્થિક લાભનાં નવા સ્ત્રોત તરફ વિચાર-વિમર્શ થવાની શકયતાઓ છે.

તુલા : ન્યાપારીક- વ્યપારક્ષેત્રે ભાગીદારીથી લાભ પ્રાપ્તિ થવાની સંભાવના વધતી જણાય. વ્યાપારમાં નાણાંકીય મુશ્કેલીઓ ન ઉભી થાય તેની સાવચેતી રાખવી.

વૃશ્ચિક : ધૈર્યથી વ્યાપાર- વ્યાપારિક કાર્યોને પૂર્ણ કરો. ધાર્મિક યાત્રાનો થવાની સંભાવના છે. વ્યાપારમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની શક્યતાઓ રહેલી છે.

ધન : કોઈ ચિંતાથી મુક્તિ મળશે. સમસ્યાઓ ઉકેલાશે. નાણાંકીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. મનોરંજન, સંતાન સંબંધી કાર્યોમાં ધન ખર્ચ થઈ શકશે. શિક્ષણ સંબંધી કાર્યોમાં ગહન શોધના કાર્યો થશે.

મકર : કુટુંબમાં શુભ માંગલિક કાર્યો માટે ચર્ચા-વિચારણા થશે. આર્થિક સ્થિતિમાં લાભનો થઈ શકશે. શારીરિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું. મોસમ અનુસાર આહાર-વિહાર કરવું.

કુંભ : ઋણ મુક્ત થશો. મિત્રોનો સહયોગ કાર્યમાં મળશે. પ્રિય વ્યક્તિથી મુલાકાત થશે. કાર્યોમાં પ્રગતિ થશે. સ્ફૂર્તિ અને જોશ રહેશે. આધ્યાત્મ સંબંધી માંગલિક કાર્યોમાં વિશેષ યાત્રા થવાની શકયતા છે.

મીન : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ બનશે. પ્રેમ સબંધોમાં સફળતા પ્રાપ્ત થશે. ભવન, વાહન પરિવર્તન સંબંધી ભાગ્યવર્ધક કાર્યોમાં યાત્રા- પ્રવાસનો યોગ પ્રબળ બની રહ્યો છે. શિક્ષા, મિત્રવર્ગ સંબંધી શોધકાર્યમાં સમય પસાર થશે.

ચિરવિદાય

- સ્વ. અલ્પેશભાઈ ગોરધનભાઈ પ્રજાપતિ (ઉ.વ.૩૫) પ્લોટ નં. ૩૮૪/૨, શ્રેયસ, સે-૨૨, ગાંધીનગર
- સ્વ. તખતસિંહ રતનસિંહ વાઘેલા (ઉ.વ.૮૫) મુ. પીંડારડા, તા.જી. ગાંધીનગર